**<u>મોડાસાના મે.બીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેશ્રીની અદાલતમાં,</u>**

**ફોજદારી કેસ નંબર : ૩૮૦૭/૨૦૨૫**
**આંક–૫**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

**આરોપી** : ઈરફાનહુસેન ગુલામહુસેન કોકરી,ઉ.વ.૪૦
રહે. હિદાયતપાર્ક,મુ.મોડાસા તા.મોડાસા જી.અરવલ્લી

<u>ગુન્હો</u> :– બી.એન.એસ. કલમ **– ૨૮૫ મુજબ....**

**–: <u>ચુ કા દો</u> :–**

૧. આ કામના આરોપીએ મોજે મોડાસા નવીન બનતા બસ સ્ટેન્ડ પાસે જાહેર રસ્તા ઉપર તા.૨૮/૦૭/૨૫ ના રોજ કલાક–૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના કબજાની સી.એન.જી.રીક્ષા નં.જી.જે.૩૧ એકસ.૩૪૫૩ ની જાહેરમાં રોડ ઉપર આવતા જતા વાહનો તથા રાહદારીઓને અડચણ થાય તેવી રીતે ઉભી રાખી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબ ગુનો કરતા આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોય, ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

૨. ચાર્જશીટ રજુ થતા, આરોપીને સમન્સ કરતા, અદાલતમાં હાજર થયેલ છે. ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ:૨૦૭ અન્વયે પોલીસ કાગળોની નકલો મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપી તરફે **આંક–...૩..** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં ગુન્હો કબુલ કરવા માંગે છે કે કેમ ? આ અંગે પુછતા સ્વેચ્છાપુર્વક ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જણાવેલ છે જે મતલબની **આંક–..૪.** થી

ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

૩. વર્તમાન આરોપી સ્વેચ્છાપુર્વક ગુન્હાની કબુલાત કરતા હોય, કાયદા મુજબ સજા અંગે સાંભળવામાં આવેલ છે. વધુમાં, આરોપી તરફે તેઓના **વિ.વ.**શ્રી મૌખિક રીતે અદાલત સમક્ષ જણાવેલ છે કે, આરોપી ગરીબ વર્ગનો છે તથા મજુરી કામ કરી ખુદનું તેમજ પરીવારનું ગુજરાન ચલાવે છે. વધુમાં જણાવેલ છે કે પરીવારની જવાબદારી આરોપીના શીરે છે. વિશેષમાં એવુ પણ જણાવેલ છે કે પ્રથમવારનો ગુન્હો છે અને જણાવેલ છે કે ભવિષ્યમાં ફરી આવો ગુન્હો કરીશુ નહી. પ્રથમવારનો ગુન્હો હોવાનું અને ફરી ભવિષ્યમાં આવો ગુન્હો ન કરવાની ખાત્રી આપતા હોય ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર.પેઈજ નં.૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ફરી દોહરાવીને તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨), ૯૭૪, પારા ૪ માં એવુ ઠરાવેલ છે કે ,**' Learned A.P.P., however, objected to any reduction of sentence on the basis that it may become a precedent in other cases where the accused persons may have been similarly sentenced and those cases may still be pending. It, however, could not be contended that the extenuating circumstances relied upon by the applicant were not true or relevant. It also could not be disputed that learned Additional Sessions Judge has not considered in the impugned judgment any of the extenuating circumstances now canvassed before this Court. "In view of the latter Division Bench Judgment of this Court in *State of Gujarat V.Natwar Harchandji Thakor, 2005(1)GLR 709* and the subsequent amendment dispensing with the requirement of recording special and adequate reasons for not imposing sentence of minimum imprisonment of three months, the order of sentence is required to be modified in the interest of justice.' આમ, નામદાર ગુજરાત

હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે અદાલત ખાસ અને પુરતા કારણો ધ્યાને લઈ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપીએ જે કારણો જણાવેલ છે તે આ અદાલતના નમ્રપણે માનવા મુજબ સજા ઓછી કરવા માટે પુરતા છે. આથી, ન્યાયના હીતમાં, આરોપીએ સ્વેચ્છપુર્વક કરેલ ગુન્હાની કબુલાત અં ગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ આ કામના આરોપીને તેઓની વિરૂધ્ધના **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** લેખેનો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દીન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવી.

(૨) હુકમ આજરોજ તારીખ : ૧૪ મી, માહે : માર્ચ, સને: ૨૦૨૬ ની નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મોડાસા
તા.૧૪/૦૩/૨૦૨૬
લોકઅદાલત

(ડૉ.લક્ષ્મી નંદવાણા)
બીજા એડી.ચીફજયુડી.મેજી. મોડાસા
**જજ કોડ નં.જી.જે.૦૧૩૯૨**

એ.એન.પી.